કોન્ટ્રોવર્સી

# એકતા કપૂરે નાગિનની લેગસીને AIથી બરબાદ કરી દીધી?



ઇન્ડિયન ટેલિવિઝન ઈન્ડસ્ટ્રીમાં એકતા કપૂરનું નામ એક સમાનાર્થી બની ગયું છે - 'કે' સિરિયલ્સની રાણી, સુપરનેચરલ ડ્રામા અને નાગિન ફ્રેન્ચાઈઝીની ક્રેએટર. પરંતુ 2025-26માં આવેલી નાગિન 7એ આ ઈમેજને ગંભીર રીતે નુકસાન પહોંચાડ્યું છે. શોના બ્રોડકાસ્ટ પછી સોશિયલ મીડિયા પર એકતા કપૂર વિરુદ્ધ નફરતની લહેર ફરી વળી છે. લોકોની આ નારાજગીનું મુખ્ય કારણ શું છે? શું આ માત્ર એક શોની નિષ્ફળતા છે કે એકતા કપૂરની ક્રિએટિવ દિશા પરનો વધુ ઊંડો વિરોધ?

નાગિન સિરિઝ 2015માં શરૂ થઈ ત્યારથી જ તે ટીવીની સૌથી સફળ સુપરનેચરલ ફ્રેન્ચાઈઝી બની. મૌની રોય, શ્વેતા તિવારી, કરીના કપૂર જેવા સ્ટાર્સ અને રિવેન્જ, નાગ-નાગિનની લવ-સ્ટોરી, ઈમોશ્નલ ડ્રામા અને ડાન્સ સિક્વન્સે દર્શકોને બાંધી રાખ્યા. નાગિન 1થી 6 સુધીમાં TRPમાં ટોપ પર રહી અને એકતા કપૂરની બેલેન્સ શીટમાં મોટો ફાળો આપ્યો. દરેક નવી સીઝન સાથે દર્શકોમાં ઉત્સાહ હતો કે આ વખતે શું નવું આવશે. પરંતુ નાગિન 7 (પ્રિયંકા ચહાર ચૌધરી સ્ટારર) આ અપેક્ષાઓ પર પાણી ફેરવી નાખે છે.

નાગિન 7ના શરૂઆતના જ એપિસોડ્સમાંથી એકમાં (ખાસ કરીને 8મા એપિસોડમાં) ડ્રેગન સિક્વન્સ આવી, જેમાં AI-જનરેટેડ વિઝ્યુઅલ્સ અને ઈફેક્ટ્સનો ભારે ઉપયોગ કરવામાં આવ્યો. દર્શકોએ આને AI ક્રિન્જફેસ્ટ કહ્યું. સોશિયલ મીડિયા પર હજારો કોમેન્ટ્સ આવ્યા.




**આ નારાજગી માત્ર એક સીન સુધી મર્યાદિત ન રહી. ઘણા દર્શકો માને છે કે એકતા કપૂરે બજેટ બચાવવા માટે AIનો સસ્તો રસ્તો અપનાવ્યો, જેનાથી શોની ઓરિજિનલિટી, ઇમોશનલ ડેપ્થ અને ઇમર્સિવ અનુભવ ખતમ થઈ ગયો**

એકતા કપૂરે નાગિનની લેગસીને AIથી બરબાદ કરી દીધી.

આ ડ્રેગન લડાઈ તો બાળકોના ફોનના ગેમ જેવી લાગે છે.

પહેલાં બજેટ ઓછું હતું તો પણ વાસ્તવિક VFX અને એમોશન હતા, હવે AIથી બધું ખોટું લાગે છે.

આ નારાજગી માત્ર એક સીન સુધી મર્યાદિત ન રહી. ઘણા દર્શકો માને છે કે એકતા કપૂરે બજેટ બચાવવા માટે AIનો સસ્તો રસ્તો અપનાવ્યો, જેનાથી શોની ઓરિજિનલિટી, ઈમોશનલ ડેપ્થ અને ઈમર્સિવ અનુભવ ખતમ થઈ ગયો. પહેલાની સીઝન્સમાં રિયલ લોકેશન, કોસ્ચ્યુમ અને એક્ટિંગ પર ફોકસ હતું, પરંતુ અહીં ટેક્નોલોજીએ સ્ટોરીટેલિંગને પાછળ ધકેલી દીધું.

જ્યારે ટ્રોલિંગ વધ્યું ત્યારે એકતા કપૂરે હળવા-ફૂલવા અંદાજમાં જવાબ આપ્યો: 'નો બજેટ' જેવી ટિપ્પણી કરી અને કહ્યું કે તેઓ ઓછા બજેટમાં બેસ્ટ એન્ટરટેઈનમેન્ટ આપે છે. આ જવાબે વધુ ગુસ્સો ભભકાવ્યો. લોકોએ કહ્યું કે 'જો બજેટ નથી તો શો બનાવવાની શું જરૂર?' અને 'આઈએ આઈને બહાનું બનાવીને દર્શકોને મૂર્ખ ગણો છો? આનાથી નફરત વધુ તીવ્ર બની.

એકતા કપૂરની ઈમેજ પહેલેથી જ કેટલાક લોકો એકતાને સસ્તા ડ્રામા, રિપીટેટિવ સ્ટોરી અને વિવાદાસ્પદ કન્ટેન્ટ માટે ટાર્ગેટ કરે છે. નાગિન 7એ આને નવું બળ આપ્યું.

નાગિન 7ના કારણે એકતા કપૂર વિરુદ્ધની નફરત માત્ર એક શોની નિષ્ફળતા નથી, પરંતુ દર્શકોની અપેક્ષાઓ, લેગસી અને ક્રિએટિવિટી પરના વિશ્વાસનું ભંગાણ છે.

AI જેવી નવી ટેક્નોલોજીનો ઉપયોગ ખોટી રીતે થાય તો તે બેકફાયર કરે છે. એકતા કપૂર પાસે હજુ પણ ટેલન્ટ અને ઓડિયન્સ છે, પરંતુ જો તેઓ દર્શકોના ફીડબેકને ગંભીરતાથી ન લે તો નાગિન જેવી આઈકોનિક ફ્રેન્ચાઈઝી પણ ઝાંખી પડી શકે છે. ●



# બાદશાહ ફરી એક વાર વર'રાજા' બન્યો?

વાયરલ

હરિયાણવી ટટીરી સોંગના વિવાદ વચ્ચે, બાદશાહ ફરી એકવાર સમાચારમાં છવાઈ ગયો છે. બાદશાહ પંજાબી એક્ટર ઈશા રિખી સાથે સિકરેટ સેરિમનિમાં મેરેજ કર્યા હોવાના ન્યૂઝ આવી રહ્યા છે. જ્યારે બાદશાહ કે ઈશા બંનેમાંથી કોઈએ તેમના સોશિયલ મીડિયા હેન્ડલ પર કોઈ ફોટા પોસ્ટ કર્યા નથી, ત્યારે તેમના ઘનિષ્ઠ 'મેરેજ'ના ઘણા ફોટા ઈન્ટરનેટ પર વાયરલ થઈ રહ્યા છે.

જાસ્મીન મસીહથી ડિવોર્સના છ વર્ષ પછી બાદશાહે ઈશા રિખી સાથે મેરેજ કર્યા હોવાની ચર્ચા ચારેબાજુ થઈ રહી છે. ફેરા અને વર્માલાનો વીડિયો ઓનલાઈન સામે આવ્યો.

ઈશા રિખીની માતાએ તેના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર આ દંપતીની તસવીરો શેર કરીને તેની પુત્રીના બાદશાહ સાથેના મેરેજની ચર્ચા જગાવી દીધી.

તેમના વિવાદાસ્પદ હરિયાણવી ગીત ટટીરી પર ચાલી રહેલા વિરોધ વચ્ચે, સિંગર બાદશાહે તેમના અંગત જીવનમાં એક નવો અધ્યાય શરૂ કર્યો હોય તેવું લાગે છે.

ફોટામાં, બાદશાહ અને ઈશા તેમના પરિવારના સભ્યોની હાજરીમાં પરંપરાગત લગ્ન વિધિઓમાં ભાગ લેતા જોઈ શકાય છે.

ક્લિપ્સમાં પરંપરાગત લગ્નના પોશાક પહેરેલા દંપતી નજીકના પરિવારના સભ્યો અને મિત્રોની હાજરીમાં વરમાળાની આપ-લે કરતા દેખાય છે. પૂનમે આ તસવીરો પોસ્ટ કરતા કેપ્શનમાં લખ્યું હતું, 'ભગવાન તમને ખૂશ રાખે!

ફોટામાં, બાદશાહ ઓલિવ-લીલા કુર્તા, બેજ કલરનો સ્ટોલ અને ગોલ્ડન પાઘડી પહેરેલો જોવા મળે છે અને ઈશાની બાજુમાં ઊભો રહેલો છે અને તે સ્માઈલ કરી રહ્યો છે. બીજી બાજુ, ઈશા, સોનાની ભરતકામથી શણગારેલા લાલ રંગના વાઈબ્રન્ટ બ્રાઈડલ આઉટફિટમાં ચમકતી દેખાય છે. તેણીએ માંગ ટિક્કા સહિત પરંપરાગત ઘરેણાં પણ પહેર્યા છે, જેના હાથમાં મહેંદી દેખાય છે.

**તેમના વિવાદાસ્પદ હરિયાણવી ગીત ટટીરી પર ચાલી રહેલા વિરોધ વચ્ચે, સિંગર બાદશાહે તેમના અંગત જીવનમાં એક નવો અધ્યાય શરૂ કર્યો હોય તેવું લાગે છે**

તો બીજા એક ફોટામાં ઈશા કપાળ પર સિંદૂર લગાવેલી જોવા મળે છે, જે સૂચવે છે કે કેટલાક સિન મેરેજ પછીની સેરિમનિના નહીં પણ મેરેજ પછીના ઉજવણીના હોઈ શકે છે. ●

# સમાજને આયનો બતાવતી અને વિચારવા મજબૂર કરતી 'ચિરૈયા'

વેબ-વૉચ

**એક્ટર્સનું કામ ઘણું સારું છે, પણ વાર્તા મજબૂત અને સ્પષ્ટ ન હોવાથી અભિનય પણ અસર કરી શકતો નથી**

હાલમાં સોશિયલ મીડિયા પર વાયરલ થતી સિરીઝ ચિરૈયા એક ખૂબ જ મજબૂત અને અસરકારક બની શકી હોત, પણ તેની ધીમી ગતિને કારણે બોરિંગ અને ઈમોશ્નલ રીતે અસમાન લાગે છે.

ઘરની મોટી વહુ કમલેશ (દિવ્યા દત્તા) જ્યારે પોતાના પરિવારના સભ્યોની વાત કરે છે, ત્યારે તમને તરત જ ગરમાગરમ અને પરિચિત અનુભવ થાય છે. એવું લાગે છે કે તમે એક સામાન્ય મધ્યમ વર્ગના પરિવારમાં છો - જે મૂલ્યો અને પરંપરામાં મજબૂત છે, પણ વિચારો અને વાતચીતમાં આધુનિક પણ છે.

ત્યારબાદ નવી વહુ પૂજા આવે છે. તે આર્ટ્સમાં ગ્રેજ્યુએટ છે અને તેના વિચારો કમલેશથી અલગ છે. કમલેશ તેને સ્વીકારવામાં થોડી અચકાય છે, પણ પોતાના લાડલા દેવર અરુણ માટે તેને સ્વીકારી લે છે.

પરણ્યાની પહેલી રાતે અરુણ એવું કંઈક કરે છે જે આજે પણ ઘણા પુરુષો સામાન્ય માને છે. તે પૂજાની મરજી વિના તેની સાથે સંબંધ બનાવે છે - એક વાર નહીં, ઘણી વાર, ભલે તે વિરોધ કરે. તેનું કારણ? કાનૂની છે અને પતિ-પત્ની વચ્ચે આ સામાન્ય છે.

બીજે દિવસે પૂજા આ બધું કમલેશને કહે છે કે તેના પતિએ તેની સાથે બળાત્કાર કર્યો છે. પણ કમલેશ, જે માને છે કે 'અરુણ ક્યારેય ખોટું કરી શકે જ નહીં', તે તરત જ પૂજાને થપ્પડ મારે છે અને કહે છે કે આ બળાત્કાર નથી, આ તો પરણ્યાની પહેલી રાતે દરેક યુગલ કરે છે અને તે કાનૂની છે.

આ પછી જે બનાવો બને છે તે તમને વાજબી લાગે કે લોહી ઉકાળી નાખે, તે તમારી મરજી પર છે - ખાસ કરીને જો તમે ભારતમાં પતિ-પત્ની વચ્ચે બળાત્કારની વાસ્તવિકતા વિશે જાણતા હો.

સિરીઝમાં પૂજાને એક પછી એક એવી મુશ્કેલીઓમાં મૂકવામાં આવે છે જેમાંથી ભાગી શકાય નહીં. એક સમયે UPSCની




તૈયારી કરતી અને LGBTQIA અધિકારો માટે અવાજ ઉઠાવતી પૂજા, પરંપરાગત લગ્નના ભાર અને સમાજની અપેક્ષાઓ હેઠળ દબાઈ જાય છે. તે બધું ચુપચાપ સહન કરે છે, જ્યાં સુધી કે હનીમૂન દરમિયાન તે પોતાની સુરક્ષા માટે કોઈ આત્યંતિક પગલું ન ભરે.

જ્યારે કમલેશને સાચી વાતની ખબર પડે છે, ત્યારે તે પોતાના પરિવાર સામે જઈને દેવરને સજા કરવાનું નક્કી કરે છે.

આ ૬ એપિસોડમાં ચિરૈયા એક પરિવારની વાત કરે છે જે પોતાના પુત્રને બચાવવા અને સમાજમાં પોતાની ઈજ્જત જાળવવા માટે અપરાધને છુપાવવાનો વ્યર્થ પ્રયાસ કરે છે. ડિરેક્ટર શશાંત શાહ પરંપરાગત પરિવારને બચાવવા અને પિતૃસત્તાત્મક સમાજને શિક્ષિત કરવાની વચ્ચે સંતુલન રાખી શક્યા નથી. કમલેશ પણ આ બે વિશ્વ વચ્ચે ફસાઈ જાય છે અને ન્યાયી રસ્તો અપનાવવા માટે પતિ અને સસરાની મદદ લે છે.

એક્ટર્સનું કામ ઘણું સારું છે, પણ વાર્તા મજબૂત અને સ્પષ્ટ ન હોવાથી અભિનય પણ અસર કરી શકતો નથી. સિદ્ધાર્થ શૉ અરુણના પાત્રમાં ખૂબ સારું કામ કરે છે - નિર્દોષ ચહેરા પાછળ છુપાયેલી ક્રૂરતા બતાવે છે. પ્રસન્ના બિશ્ત પૂજાના પાત્રમાં પ્રભાવશાળી છે. ફૈસલ રશીદ કમલેશના પતિ તરીકે સારા છે.

ચિરૈયાને એ વાત માટે વધાવવી જોઈએ કે તેણે એક અસ્વસ્થ કરે તેવા પણ જરૂરી વિષયને ઉઠાવ્યો છે. કેટલીક ક્ષણો ખૂબ જ કાચી, અસ્વસ્થ અને વિચાર કરાવે તેવી છે. તે પરિવારમાં સ્ત્રીઓ કેવી રીતે ચુપ રહે છે અને અપરાધમાં સામેલ થાય છે તે બતાવે છે.

કમલેશ જ્યારે અખબાર ખોલીને સ્ત્રીની ભૂમિકા વિશે વાત કરે છે ત્યારે ખૂબ અસર પડે છે. તે કહે છે કે પહેલા પાનાની ખબરો પુરુષો માટે છે, સ્ત્રીઓને રસોઈ અને ઘરેલું નુસખા વાંચવા જોઈએ.

ધીમે ધીમે તેની જાગૃતિ આવે છે. જ્યારે તેની સહેલી AI વિશે સમજાવે છે કે "જ્યારે કમ્પ્યુટર પોતાનું દિમાગ લગાવે" ત્યારે કમલેશને સમજાય છે કે અખબારનું પહેલું પાનું વાંચવું પણ સ્ત્રી માટે કેટલું સશક્તિકરણ કરી શકે છે.

પણ આખી સિરીઝમાં વાર્તા અસંગત અને ભાવનાત્મક રીતે અસમાન છે, તેથી આ જાગૃતિની અસર ઓછી પડે છે.

ચિરૈયા વિચાર કરાવે છે અને કેટલીક સારી ક્ષણો આપે છે, પણ વાર્તા મજબૂત અને સ્પષ્ટ ન હોવાથી તે પૂરી રીતે અસર કરી શકતી નથી. સિરીઝ જોવી હોય તો અપેક્ષા ઓછી રાખજો. આ સિરીઝનું JioHotstar પર સ્ટ્રીમિંગ શરૂ છે. ●

# ધ 50 માં વિજેતા થયો શિવ ઠાકરે!

સ્મોલ સ્ક્રીન

રિયાલિટી શો ધ 50 આખરે પૂરો થયો. અઠવાડિયાઓની સ્પર્ધા અને મનોરંજક એપિસોડ પછી શોને તેનો વિજેતા મળ્યો છે. રિયાલિટી શો, જે શરૂઆતમાં ટેલિવિઝન, સોશિયલ મીડિયા અને મનોરંજન જગતના 50 સ્પર્ધકો સાથે યોજાયો હતો, તેમાં માત્ર થોડા જ સ્પર્ધકો અંતિમ એપિસોડમાં પહોંચતા જોવા મળ્યા હતા. શિવ ઠાકરેનો ફોલોવર સીતારામ પ્રહલાદ અઘવને 50 લાખ રૂપિયા જીતીને શિવ ઠાકરે શોના વિજેતા તરીકે ઉભરી આવ્યા છે.

શોમાં એક અત્યંત ચોંકાવનારી એક એવી ઘટના બની કે કોઈ વિશ્વાસ જ ન કરી શકે! પ્રિસ નરુલાએ ટીકિટ ટૂ ફિનાલે જીતી અને તરત જ તેને શો છોડવાનો ફેંસલો લીધો! અને ટીકિટ શિવ ઠાકરેને આપી.

ટોપ 4માં શિવ બધાથી ફાસ્ટ પોતાનો ટાસ્ક પૂરો કરીને શોનો વિનર બની ગયો. આ જીત માટે શિવ ઠાકરે પ્રિન્સને ધન્યાવાદ આપી રહ્યો છે. પ્રિન્સને પોતાનો બાળકો યાદ આવ્યા અને તેથી શો છોડવાનો ફેંસલો લીધો હતો.

પણ ફિનાલે સુધી તે ત્યાંજ રહ્યો. તો સવાલ એ થાય કે શું જાણી જોઈને પ્રિન્સે આ બલિદાન આપ્યું? અને જો ત્યા રહેવું જ હતું તો શો છોડવાનો ડ્રામા કેમ કર્યો?

લાસ્ટ એપિસોડ એવો જોરદાર હતો કે જોવાની મજા પડી પણ શોના વિનરને જે રીતે એટલું જલ્દી જાહેર કરી દીધો કે જાણે કે કોઈ બસ કે ટ્રેન પકડવાની ન હોય?

શિવ ઠાકરેને શોના વિજેતા તરીકે જાહેર કરવામાં આવ્યો હતો. શિવે મિસ્ટર ફૈસુ, કાકા, રજત દલાલ અને ક્રિષ્ના શ્રોફ સામે સ્પર્ધા કરીને ટ્રોફી જીતી. ચાહકોએ સોશિયલ મીડિયા પર શિવને અભિનંદન આપ્યા અને તેમની જીતને યોગ્ય ગણાવી. આ જીત સાથે, તેણે ફરી એકવાર રિયાલિટી શોમાં તેની મજબૂત ફેન ફોલોવિંગ અને લોકપ્રિયતા સાબિત કરી. ●

